**ક્રિમીનલ કેસ નં.૭૭૯૯/૨૦૧૮**

હાલની ફરીયાદ ડેપ્યુટી ડાયરેકટરનાઓએ આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૧૭૪, ૧૭૫ સાથે વાંચતા કસ્ટમ એકટ, ૧૯૬૨ ની કલમ ૧૦૮ ના ઉલ્લંઘન કર્યા મુજબની દાખલ કરેલ છે જે અન્વયે આરોપીને સમન્સ કાઢતા હાજર થયેલ છે અને આરોપીને ફરીયાદની નકલ આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપી સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરવા માંગતા હોય તે મુજબની કબુલાત પુરસીસ તેઓએ અદાલત સમક્ષ રજુ કરેલ છે જે નોંધી આરોપીની ગુના સબબ પ્લી લેવામાં આવેલ છે. આરોપીને તેમના વિરુધ્ધના ગુનાની સજાની જોગવાઈ જણાવતા તેઓએ તે ધ્યાને લઈ સ્વેચ્છાપુર્વક ગુનો કબુલ કરવા માંગે છે તેવું જણાવેલ. આરોપી હાજર છે અને તેઓની કબુલાત સ્વેચ્છાપુર્વકની હોય કબુલાત પુરસીસની હકીકત તથા સજાની જોગવાઈ ધ્યાનમાં લઈ તેમજ આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા.

સજા બાબતે આરોપીને સાંભળતા આરોપીએ આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને ગુના બદલ પસ્તાવો થાય છે અને ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે. કંપની પ્રોસીકયુટરશ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

ફરીયાદની હકીકત જોતા આરોપી વિરુધ્ધ ઈ.પી.કો.કલમ–૧૭૪, ૧૭૫ સાથે વાંચતા કસ્ટમ એકટ, ૧૯૬૨ ની કલમ ૧૦૮ ના ઉલ્લંઘનની ફરીયાદ છે અને તેમાં સજાની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો તે મુજબ ઈ.પી.કો. કલમ ૧૭૪ નો ભંગ કરનારને રૂા.૫૦૦/– સુધીનો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા ઈ.પી.કો. કલમ ૧૭૫ નો ભંગ કરનારને રૂા.૫૦૦/– સુધીનો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ની જોગવાઈ છે. જે ધ્યાનમાં લીધી અને આ કામે આજરોજ યોજાયેલ નેશનલ લોકઅદાલત/સ્પેશ્યલ સીટીંગમાં સદર કેસ મુકવામાં આવેલ જેમાં સદર કેસ ૪ વર્ષ જુનો કેસ છે. જે બાબત પણ ધ્યાનમાં લેવી જરુરી જણાય છે. વધુમાં આરોપી સ્વેચ્છાએ ગુનો કબુલ કરવા માંગે છે. જે બાબત ધ્યાનમાં લીધી. આમ ઉપરના તમામ સંજોગો ધ્યાનમાં લેતાં આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા અને વાજબી દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે. જેથી ઈ.પી.કો.કલમ–૧૭૪,

૧૭૫ સાથે વાંચતા કસ્ટમ એકટ, ૧૯૬૨ ની કલમ ૧૦૮ ના ગુના સબબ કુલ રૂા.૧૦૦૦/– નો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું જળવાશે જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧.** **આરોપીને** ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ હેઠળ ઈ.પી.કો.કલમ–૧૭૪, ૧૭૫ સાથે વાંચતા કસ્ટમ એકટ, ૧૯૬૨ ની કલમ ૧૦૮ ના ગુના સબબ તકસીરવાન ઠરાવી, આરોપીને ઈ.પી.કો.કલમ– ૧૭૪ ના ગુના સબબ રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા ઈ.પી.કો.કલમ–૧૭૫ ના ગુના સબબ રૂા.૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા**, એમ આરોપીને કુલ્લે રૂા.૧૦૦૦/–(એક હજાર પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા** કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને **૧૫ (પંદર) દિવસની** સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૨ મી, માહે નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૨/૧૧/૨૦૨૨.

(ભાવેશકુમાર હીરાલાલ કાપડીયા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
અમદાવાદ.**(GJ00687)**